# (B - 39) જિનવાણી અમૃત રસાળ,

(ભેટે ઝૂલે છે તલવાર)

જિનવાણી અમૃત રસાળ, રસિયા આવોને સુણવા,
સમયસાર શ્રુતસાગરની છોળો,
ઊછળે સુવર્ણ મોઝાર-રસિયા૦ ૧

તીર્થંકરની વાણીના વાયરા,
વાયા છે પંચમ કાળ.–રસિયા૦ ૨

નિશ્ચય વ્યવહારની અપૂર્વ ઘટના,
સમય પ્રાભૃતે સોહાય–રસિયા૦ ૩

ષટ્ દ્રવ્યોની સ્વતંત્રતાને,
દર્શાવે કુંદકુંદદેવ.–રસિયા૦ ૫

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

અદ્ભુત ગંભીરતા ભરી જિનસૂત્રે,
માતા તારી મહિમા અગાધ.—રસિયા૦ ૬

શ્રી ગુરુ કહાનના પરમ પ્રતાપે,
ભેટ્યા પરમાગમ મહાન.—રસિયા૦ ૭

ભરતના અહો ભાગ્ય ખીલ્યાં છે,
પાક્યા ગુરુ રત્ન કહાન.—રસિયા૦ ૮

સમયસારની અચિંત્ય મહિમા,
કા’ન વાણીમાં સોહાય.—રસિયા૦ ૯

સદ્ગુરુદેવની વાણી અણમૂલ છે,
અણમૂલ ભર્યા ભંડાર.—રસિયા૦ ૧૦